-: જાહેરનામું :-

<u>ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩(૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ તથાં ગુજરાત પોલીસ એક્ટની</u>

<u>કલમ ૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ:</u>

<u>નંબર : વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ ૨૬ /૨૦૧૭</u>

હુકમ :-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું એ. કે. સિંઘ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ગુજરાત સરકારના ગૃહ વિભાગનાં તા.૦૮.૧૧.૧૯૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ્ તથા ગૃહ વિભાગના તા.૦૭.૦૧.૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩(૧૯૭૪ ના નં.૨)ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ ૩૭(૩) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તા.૧૧.૦૪.૨૦૧૭ ના ક.00.00 વાગ્યાથી તા.૨૫.૦૪.૨૦૧૭ ના ક.૨૪.00 વાગ્યા સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ, અગર કોઇ સભા ભરવી કે, બોલાવવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવું નહી.

<u>વિસ્તાર :</u> અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

<u>અપવાદ :</u> આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાન યાત્રા અને લગ્નનાં વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતનાં ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીના હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૦૪/૦૪/૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

( એ.કે.સિંઘ )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર